# સેક્ટર-૨૪માં દબાણોના લીધે ગટર લાઇનની ફરિયાદો હલ કરવાનુ મુશ્કેલ

### ડબલ ડેકર વિસ્તારમાં ગટર લાઇનની ચેમ્બરો પણ અંદર ઘુસી ગઇ હોવાથી મશીનરીનો ઉપયોગ પણ થઇ શકતો નથી

ગાંધીનગર તા ૧૬

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વધી રહી છે. જયારે તંત્ર પણ રોજબરોજ ફરિયાદો દુર કરવા કામે લાગે છે. પરંતુ ફરિયાદો નિવારવા માટે કેટલાક ઠેકાણે દબાણો અડચણ રૂપ બની રહ્યા છે. સે-૨૪ ના ડબલ ડેકર વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. દબાણોના લીધે સાંકડી જગ્યામાં મશીનરી પણ જઈ શકતી નથી જેના લીધે ગટરોની ફરિયાદો ડામવાનુ કામ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે.

શહેરના સેકટરોમાં હાલ ગટરો ઉભરાવાની ફરિયાદોનુ પ્રમાણ વધ્યુ છે. તંત્રુ પણ અપુરતા મેનપાવર અને મશીનરી વચ્ચે રોજ ગટરોની ફરિયાદ નિવારવા મથે છે. પરંતુ દાયકાઓ જુની ગટર લાઈનના લીધે ફરિયાદો બંધ થતી નથી. ગટર લાઈનના મામલે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. સેકટરની વસતી મુજબ જુની લાઈનની ક્ષમતા પણ પર્યાપ્ત નથી ત્યારે ગટરો ઉભરાવાની ફરિયાદ તંત્ર તેમજ સેકટરવાસીઓ માટે શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં ગટરોની ફરિયાદ નિવારવા માટે તંત્ર માટે દબાણની સમસ્યા પણ માથાના દુખાવા રૂપ બની છે. સે-૨૪ દબાણ માટે વખણાય છે ત્યારે અત્યાર સુધી તબક્કાવાર સેકટરોમાં ઘણાં ખરા દબાણો પણ દુર કરવામાં આવ્યા છે. પરંતુ સેકટરમાં હજુ દબાણોનુ સામ્રાજય છે. જયારે કેટલાક ઠેકાણે જરૂરી સુવિધાઓને લગતી કામગીરી પણ રહીશોના ઘરમાં ઘુસીને કરવી પડે તેવી સ્થિતિ છે. અલબત્ત ગટરની ચેમ્બર તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલા પણ અંદર ઘુસી ગયા છે. હાલ સેકટરના ડબલ ડેકર વિસ્તારમાં પણ આવી જ સમસ્યા છે. ગટર લાઈનની ફરિયાદ દુર કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

પરંતુ અંદર મશીનરી પણ જઈ શકે તેવી સ્થિતિ નથી જેના લીધે તંત્રના અધિકારીઓ પણ આ સ્થિતિમાં કઈ રીતે કામ કરવુ તે સમજાતુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં ઉદભવતી ગટરલાઈનની સમસ્યા પાછળ દબાણો પણ જવાબદાર બન્યા છે. સાંકડી જગ્યામાં લાઈનનુ કામ કરવાનુ મુશ્કેલ થતા તંત્રએ હવે મશીનરી વિના ફરિયાદ દુર કરવા પ્રયાસ હાથ ધર્યા છે. આવા સંજોગોમાં દબાણની સમસ્યા પણ હલ થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે.

# વિધાનસભાના સત્રને અનુલક્ષી પાર્કીંગ વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીગ કરાયુ

### હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવી નથી : વનતંત્ર

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે જિલ્લામાં પણ વન મહોત્સવ અન્વયે નવા રોપાઓ ઉછેરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નગરના વિવિધ માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ વનતંત્રએ કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી કરી છે. ત્યારે વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં આમ નાગરિકાની રજુઆતને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા સુકા અને જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત વૃક્ષોની નમી ગયેલી ડાળીઓનુ પણ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે



વિધાનસભામાં પણ ગઈકાલે વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. આ અંગે વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ ૧૪ મી વિધાનસભાનુ સાતમુ સત્ર આગામી તા ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થવાનુ છે. જેને અનુલક્ષી સચિવાલય બ્લોક નં - ૧૪ ની સામેના ભાગે ગેટ નં -૬ તરફના મંત્રીઓ ધારાસભ્યો, સહીત વિધાનસભાના કર્મચારીઓ માટે પાર્કીંગની વ્યવસ્થા નિયત કરાઈ છે.

આ પાર્કીંગની જગ્યામાં આવેલા વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ હોવાથી સ્ટ્રીટ લાઈટો માટે પણ અડચણ ઉભી થઈ છે. જયારે પાર્કીંગના સ્થળે પણ ઘાસ ઉગી નિકળ્યુ હતુ. જેથી સુરક્ષા અને સલામતીની દ્રષ્ટીએ આ વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ ઘાસ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી આ મામલે સંબંધિત અધિકારીઓએ વનતંત્રને કરેલી રજુઆતના અનુસંધાને કામ હાથ ધરવામા આવ્યુ હતુ ટ્રીમીંગ દરમિયાન હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવી નથી તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના 'ગ' માર્ગ પર સેકટર-૫/૬ કટ પાસે આજે બપોરના સુમારે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલા કાર ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર ડિવાઈડરને અથડાઈ હતી અને વિજપોલને પણ ઉખાડી દુર ફેંકી દીધો હતો. જો કે આ અકસ્માતમાં કોઈને જાનહાની થવા પામી ન હતી જયારે ગાડીના આગળના ભાગનો ભૂક્કો બોલાઈ ગયો હતો જયારે અકસ્માતને પગલે સ્થાનિક નાગરિકો એકઠા થઈ ગયા હતા.



# વાવોલના યુવાનને ત્રણ જીવતા કારતુસ સાથે એસઓજી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ઝાડી વિસ્તારમાંથી એક યુવક દેશી પિસ્તોલ સાથે ઝડપાયો હતો. પોલીસે તેની પુછતાછ કરતા વાવોલમાં રહેતા યુવકનું નામ સામે આવ્યું હતું. જેને પગલે એસઓજી પોલીસે વાવોલ ખાતે રહેતા વિશાલસિંહ ગોલને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે સેકટર-૧૧ કલેકટર કચેરી પાછળથી ઈસનપુર મોટા ગામના વિધાન ઉર્ફે બિટ્ટુ મહેશભાઈ પટેલ (ઉં.૨૨, ચણાટેકરી વાસ) ને એકટીવા સાથે પકડી પાડ્યો હતો. એકટીવાની તપાસ કરતા ડેકીમાંથી દેશી બનાવટની બંદુક મળી આવી હતી. પોલીસની પુછતાછમાં અન્ય ત્રણ યુવકોના નામ સામે આવ્યા હતા. સેકટર-૭ પોલીસ મથકે ચારેય યુવકો સામે ગુનો નોંધી તપાસ આદરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં પિસ્તોલ ધવનની હોવાનું સામે આવ્યું હતું. તેની પાસેથી પિસ્તોલ લાવનાર વિધાન પછી હવે તેના સાથીની ધરપકડ કરાઈ છે. એસઓજી પોલીસે વાવોલના દરબાર વાસ ખાતે રહેતા વિશાલસિંહ શંભુજી ગોલની ધરપકડ કરી છે. વિશાલની પુછતાછમાં જાણવા મળ્યું છે કે તે ૨૦૧૩માં ઘટેશ્વર રાજકોટ ખાતે એસઆરપીમાં ફરજ બજાવતો હતો. છેલ્લા દોઢ વર્ષથી ફરજ પર ગેરહાજર રહેવાના પગલે તેને બરતરફ કરવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે પિસ્તોલ આપનારા મગોડી ગામના ધવલ અને રાહુલને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કોલવડા ગામના ૪૩ વર્ષિય યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામના ૪૩ વર્ષિય યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મંગળવારની રાત્રીએ યુવકે અગમ્ય કારણોસર આપઘાત કરતા પરિવાર અને ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બનાવની જાણ થતા પરિવારના સભ્યો તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હતું. નાગરીકોમાં થતી ચર્ચા તેમજ સુત્રો મુજબ મૃતક પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. ઘટના અંગે પેથાપુર પોલીસે અકસ્માતે મૃત્યુનો ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ ગાંધીનગરને અડીને આવેલા કોલવડા ગામના ૪૩ વર્ષિય રાજેન્દ્રસિંહ રજુજી વાઘેલાએ રાત્રીના સુમારે અચાનક પોતાના ઘરે આપઘાત કરતા હોહા મચી ગઈ છે. ગામના સ્થાનિકોમાં ચાલતી ચર્ચા મુજબ મૃતક પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેમાં ગામના અને અન્ય કેટલાક માથાભારે વ્યાજખોરોનો ત્રાસ હોવાનો ઉલ્લેખ છે. બુધવારની સવારે મૃતદેહના પોસ્ટમોર્ટમ બાદ અંતિમક્રિયા કરવામાં આવી હતી. રાજેન્દ્રસિંહે કેટલાક નાગરીકો પાસેથી વ્યાજે રૂપીયા લીધા હતા. વ્યાજ પર વ્યાજ ગણીને રકમ વધી જવા પામી હતી. તમામ રકમ અને વ્યાજ સહિતના નાણા માટે વ્યાજખોરો માંગ કરી રહ્યા હતા. જયારે આ મુદ્દે ત્રાહીમામ થઈ ગયેલા કોલવડાના યુવકે આપઘાત કરી લીધો હોવાનું કહેવાય રહ્યું છે. જયારે બનાવ અંગે પેથાપુર પોલીસે તપાસ હાથ ધરી છે.




દેશના લોકલાડીલા વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર

શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦ મા જન્મ દિવસ નિમિત્તે

વિકાસલક્ષી કામોનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના હસ્તે ઈ-લોકાર્પણ અને ખાતમુર્હૂત



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અને પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજનાનો શુભારંભ**

**ખેડૂતો માટે ગાય નિભાવ ખર્ચ સહાય યોજનાનો શુભારંભ**
દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને
એક ગાયના નિભાવ ખર્ચમાં સહાય
કુલ ૧,૦૫,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે
**₹ ૬૬.૫૦ કરોડની જોગવાઈ**

**પ્રાકૃતિક કૃષિ કીટ સહાય યોજનાનો શુભારંભ**
પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે
લાભાર્થીઓને કૃષિ કીટમાં સહાય
કુલ ૧,૦૦,૦૦૦ લાભાર્થી ખેડૂતો માટે
**₹ ૧૩.૫૦ કરોડની જોગવાઈ**

**ઈ-લોકાર્પણ, સમય : સવારે ૧૦ કલાકે**

**માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪X૭ પીવાનું પાણી પૂરૂં પાડવાની યોજનાનું ખાતમુર્હૂત**

₹ **૨૧૮.૭૩ કરોડના ખર્ચે** તૈયાર થનારી આ યોજનાથી ગાંધીનગરના શહેરવાસીઓને ૨૪ કલાક **પુરતા પ્રેશરથી નળ ધ્વારા પાણી મળી રહેશે**

**ઈ-ખાતમુર્હૂત, સમય : સવારે ૧૧ કલાકે**

**આદિવાસી વિસ્તારમાં સાગબારા-ડેડીયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનાનો શુભારંભ**

ઉકાઈ જળાશય આધારિત ₹ ૩૦૮ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ યોજનાથી નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા તાલુકા તેમજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના કુલ ૨૦૫ ગામોના ૨.૭૩ લાખ લોકોને દૂરદરાજથી પાણી મેળવવાની હાડમારીમાંથી મુક્તિ મળશે.
દૈનિક ૫.૪ કરોડ લિટરની પાણીની ક્ષમતા ધરાવતી ૭૦૦ કિ.મી. થી વધુ લંબાઈની વિતરણ પાઈપ લાઈનનું નિર્માણ

**ઈ-લોકાર્પણ, સમય : બપોરે ૧૨ કલાકે**

"બિલ્ડિંગ અ ક્લાઈમેટ રેસિલિયન્ટ ગુજરાત" નું **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન**

**ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટના ૧૦ વર્ષની કામગીરીના ડોક્યુમેન્ટનું વિમોચન**

તેમજ ગુજરાત સરકાર ખ્યાતનામ રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે MOUs કરી તેમને નોલેજ પાર્ટનર બનાવશે

**ઈ-લોકાર્પણ, સમય : બપોરે ૩ કલાકે**

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો શુભારંભ**

- ૧ લાખ સ્વ સહાય જૂથોની ૧૦ લાખ મહિલાઓને વગર વ્યાજે મળશે લોન
- ₹ ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ મહિલા જૂથોને આપવાનું આયોજન
- મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ચાલુ વર્ષે ₹ ૧૭૫ કરોડનું બજેટ ફળવાયું

**ઈ-લોકાર્પણ, સમય : બપોરે ૪ કલાકે**

ગુજરાત સરકાર શ્રેષ્ઠ, સમૃદ્ધ અને આત્મનિર્ભર ગુજરાતનું નિર્માણ કરી રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહી છે.
**– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.**